**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર–૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯ – ૨૩૨ ૪૩૧૩૩
ફેક્સ : ૦૭૯ ૨૩૨ ૩૨૪૩૬
Email : - dpepgujarat@yahoo.com, spossam@gmail.com
**Toll Free No.1800-233-7965**

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**મનોજ અગ્રવાલ, IAS**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન
અને કમિશ્નર ઓફ પ્રાયમરી એજ્યુકેશન
અને મધ્યાહન ભોજન યોજના

ક્રમાંક : SSA/MIS/૨૦૧૩/ તા. / /૨૦૧૩

પ્રતિ,
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરશ્રી
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિ. તમામ

**વિષયઃ તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાઓને ઈન્ટરનેટ કનેકશન ફાળવવા બાબત**

**સંદર્ભઃ રાજય સરકારના વર્ષ ૨૦૧૩–૧૪ના બજેટમાં થયેલ જોગવાઈ બાબત**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયની કોમ્પ્યુટર એઈડેડ લર્નિંગ અંતર્ગત સમાવિષ્ટ જે શાળાઓ સીઆરસી હેડ કવાર્ટર શાળાઓ છે તેમને સીઆરસીના ઈન્ટરનેટ કનેકશનથી જોડવા માટે તથા અન્ય ૭૭૪ શાળાઓને ઈન્ટરનેટ કનેકશનથી જોડવાની કામગીરી હાલ પ્રગતિમાં છે.

દેશમાં ઈન્ટરનેટનો વપરાશ મેટ્રોપોલિટન અને શહેરી વિસ્તારોમાં સિમિત રહેવાના બદલે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વધી રહયો છે. આ સંજોગોમાં શિક્ષણશાસ્ત્રીઓ તથા અન્યો તરફથી તાલીમ અને શૈક્ષણિક ગુણવત્તા માટે ઈન્ટરનેટની ઉપલબ્ધતા વિશે થયેલ સુચનોને અનુલક્ષીને રાજય સરકાર દ્વારા સને ૨૦૧૩–૧૪ના બજેટમાં રાજયની ૨૨૦૦૦ ઉચ્ચ પ્રાથમિક શાળાઓને ઈન્ટરનેટ કનેકશન પુરા પાડવા એસ.એસ.એ. દ્વારા કરાયેલ દરખાસ્ત મંજૂર થયેલ છે.

આથી આપના જિલ્લામાં કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળાઓમાં આ ઈન્ટરનેટ સુવિધા આપવામાં આવે તે જરૂરી છે. જેથી ઈન્ટરનેટ કનેકશન ફાળવવા માટે જરૂરી ઉચ્ચ પ્રાથમિક શાળાઓની યાદી પત્રક–૧ મુજબ દિન–૭માં અત્રેની કચેરીને સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં આપની સહીથી પ્રમાણિત થઈને મળે તે મુજબ આયોજન કરવું જેથી ઈન્ટરનેટ કનેકશન ફાળવવા માટેની જરૂરી કાર્યવાહી સત્વરે થઈ શકે.

(મનોજ અગ્રવાલ, IAS)

**બિડાણઃ**
– પત્રક–૧

**નકલ રવાના કાર્યવાહી સારું:**
– જિલ્લા MIS કો.ઓર્ડિનેટરશ્રી, જિ. તમામ

www.shixan.in